# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા "બૃહદ વૃક્ષારોપણ અભિયાન તથા કૃષિ ગોષ્ઠી" નો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ "બૃહદ વૃક્ષારોપણ અભિયાન તથા કૃષિ ગોષ્ઠી" નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ડૉ. એચ. સી. પટેલ, પ્રિન્સીપાલશ્રી, બાગાયત કોલેજ, આ.કૃ.યુ., આણંદ હાજર રહ્યા હતા તથા અન્ય અતિથી વિશેષમાં ડૉ. પી. એમ. પટેલ, સહપ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, ડૉ. આર. એસ. સીતાપરા, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ તથા શ્રી એન.ડી. પટેલ, ગણિતશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ RAWE અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં સોજીત્રા તાલુકાના અલગ અલગ ગામના કુલ ૬૭ ખેડૂત ભાઈઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ. તદૂપરાંત આ કાર્યક્રમમાં બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદના સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ પણ RAWE અંતર્ગત મુલાકાત દરમ્યાન ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી.જી. પટેલ સાહેબ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રાસંગોચીત ઉદબોધનમાં વૃક્ષોને આપણાં નજીકના મિત્રો સમાન ગણાવીને તેના લાભાનુંલાભ તેમજ સંકટ સમયે આર્થીક સહારો પૂરો પાડે છે તેમ જણાવ્યુ. ત્યારબાદ ડૉ. એચ. સી. પટેલ, પ્રિન્સીપાલશ્રી, બાગાયત કોલેજ, આ.કૃ.યુ., આણંદ દ્વારા વૃક્ષોના પર્યાવરણ પ્રદૂષણ અટકાવવાના ફાળા વિષે જણાવ્યુ તેમજ વૃક્ષોનું સંવર્ધન કરવાની સલાહ આપી. ત્યારબાદ સર્વે ખેડૂત ભાઈઓ તથા કેન્દ્રના સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ જેમાં મુખ્યત્વે સરગવા, સીતાફળ, લીમડા તથા જાંબુના છોડ રોપવામાં આવ્યા. ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેને કેન્દ્ર ખાતેથી આમળા, સીતાફળ, તુલસી તથા સરગવાના રોપ ભેટ સ્વરૂપે વિતરણ કરેલ અને વધેલ ૧૦૭ રોપાઓ કેવિકેના સંપર્ક ખેડૂતોને પૂરા પાડવામાં આવેલ.

ઉપરાંત તા.૧૧.૦૯.૨૦૧૯ થી ૦૨.૧૦.૨૦૧૯ દરમ્યાન ઉજવવામાં આવતા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ડો. એસ.બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ પ્લાસ્ટીક કચરાની પર્યાવરણ પર થતી માઠી અસર વિષે સમજાવ્યા બાદ પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરવા સૂચન કર્યું આ ઉપરાંત ઉપસ્થિત સર્વે દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા શપથ લેવામાં આવી. તેમજ ડો. એસ.બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ RAWE માં આવેલ વિદ્યાર્થીઓને કેવિકે વિષે વિસ્તૃતમાં માહિતી આપી. સદર કાર્યક્રમનું સંચાલન ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) તથા ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા સુચારુ રૂપે કરવામાં આવેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ















